પેજ 3


# ફિલ્મ-નિર્માતા અને સેન્સર બોર્ડના ભૂતપૂર્વ વડા પહલાજ નિહલાણીનું અવસાન

**ગોવિંદા** સહિત ઇન્ડસ્ટ્રીના અનેક લોકો નિર્માતાના નિવાસસ્થાને તેમના અંતિમ દર્શન કરવા પહોંચ્યા



મુંબઈ, તા. 4 (PTI) દિગ્ગજ ફિલ્મ-નિર્માતા અને સેન્ટ્રલ બોર્ડ ઓફ ફિલ્મ સર્ટિફિકેશન (સીબીએફસી)ના ભૂતપૂર્વ અધ્યક્ષ પહલાજ નિહલાણીનું ગુરુવારે અવસાન થયું હતું. તેઓ 76 વર્ષના હતા. નિહલાણીનું બાંદ્રામાં તેમના નિવાસસ્થાને અવસાન થયું હતું. તેમના અંતિમ સંસ્કાર સાંતાક્રુઝ હિન્દુ સ્મશાનગૃહમાં કરવામાં આવ્યા હતા. અભિનેતા ગોવિંદા, જેમને નિહલાણીની 1986ની પ્રોડક્શન ફિલ્મ 'ઇલ્ઝામ'થી મોટો બ્રેક મળ્યો હતો, તેઓ નિર્માતાના નિવાસસ્થાને તેમના અંતિમ દર્શન કરવા પહોંચ્યા હતા. અભિનેતા નિર્માતાના અંતિમ સંસ્કારમાં પણ સામેલ થયા હતા. ગોવિંદાએ જણાવ્યું હતું કે, ''પહલાજ નિહલાણીજીએ આપણામાંથી ઘણા લોકો માટે પાયાનો પથ્થર મૂક્યો હતો. મારા સહિત અનેક કલાકારો, જેઓ મુશ્કેલ અને આર્થિક રીતે પડકારજનક પરિસ્થિતિઓમાંથી બહાર આવ્યા હતા, તેમને તેમનો ટેકો અને પ્રોત્સાહન મળ્યું હતું. દેશમાં ઓછામાં ઓછા ડઝન જેટલા કલાકારો હશે જેમની કારકિર્દી તેમના માર્ગદર્શનથી ઘડાઈ હતી. નિર્માતાને અંતિમ શ્રદ્ધાંજલિ આપનારા અન્ય લોકોમાં ફિલ્મ-નિર્માતાઓ ફરહાન અખ્તર, ઝોયા અખ્તર, અનીસ બઝમી, ડેવિડ ધવન અને પુત્રો રોહિત અને વરુણ, બોની કપૂર, રમેશ સિપ્પી અને અભિષેક કપૂર સામેલ હતા. પીઢ અભિનેતા અને રાજનેતા શત્રુઘ્ન સિન્હા પણ નિહલાણીના અંતિમ સંસ્કારમાં હાજર રહ્યા હતા.

## અક્ષય કુમારે મુંબઈના ૨ ફ્લેટ્સ રૂ. ૭.૧ કરોડમાં વેચ્યા



મુંબઈ, તા. ૪: અક્ષય કુમારે કથિત રીતે મુંબઈમાં બે ફ્લેટ્સ કુલ રૂ. ૭.૧ કરોડમાં વેચ્યા છે. અહેવાલો અનુસાર, આ બંને યુનિટ બોરીવલી ઈસ્ટમાં આવેલા ઓબેરોય સ્કાય સિટી કોમ્પ્લેક્સમાં સ્થિત છે. સીઆરઈ મેટ્રિક્સ દ્વારા મેળવવામાં આવેલા પ્રોપર્ટી રજિસ્ટ્રેશન દસ્તાવેજો મુજબ, મોટો ફ્લેટ ઉપરના માળે આવેલો છે અને તેનો કાર્પેટ એરિયા ૧,૧૦૧ ચોરસ ફૂટ છે. આ પ્રોપર્ટી કથિત રીતે રૂ. ૫.૭૫ કરોડમાં વેચવામાં આવી હતી. આ વ્યવહારમાં રૂ. ૨૮.૭૫ લાખની સ્ટેમ્પ ડ્યુટીની ચુકવણી અને કાર પાર્કિંગની બે જગ્યાઓ સામેલ હતી.

## વરુણ ધવનની રૂ. 3 કરોડની ઘડિયાળે જગાવી જોરદાર ચર્ચા




મુંબઈ, તા. 4 : 5 જૂનના રોજ પોતાની મોટી ફિલ્મની રિલીઝ પહેલાં વરુણ ધવન ઇન્ટરનેટ પર છવાયેલો છે. તાજેતરમાં એક ઇવેન્ટ દરમિયાન વરુણે અંદાજે રૂ. 3 કરોડની કિંમતની પાટેક ફિલિપ ઘડિયાળ બતાવી હતી. આ લક્ઝરી ઘડિયાળે ભારતીય ફેન્સ અને વોચ કલેક્ટર્સ વચ્ચે જોરદાર ચર્ચા જગાવી છે. ઘણા લોકો માટે તો આ ઘડિયાળની કિંમત કોઈ મેટ્રો સિટીમાં એક આલીશાન ફ્લેટ બરાબર છે. માનવામાં આવી રહ્યું છે કે, આ ઘડિયાળ પાટેક ફિલિપ નોટિલસનું કોઈ રેર મોડલ છે, જે પોતાની શાનદાર મિકેનિકલ ખૂબીઓ માટે જાણીતી છે.

## 'કાલા હરણ' ફિલ્મના નિર્માતાને જાનથી મારી નાખવાની ધમકીઓ મળ્યાનો આરોપ




મુંબઈ, તા. 4: 'કાલા હરણ: ધ બેટલ ફોર લેગસી': ફિલ્મને લઈને ચાલી રહેલો વિવાદ સલમાન ખાન સામેલ કાનૂની વિવાદના કેન્દ્રમાં આવ્યાના ગણતરીના દિવસોમાં જ વધુ વકર્યો છે. ફિલ્મના નિર્માતા અમિત જાનીએ હવે એવો આક્ષેપ કર્યો છે કે, બોલિવૂડ સ્ટાર (સલમાન ખાન)ની લીગલ ટીમે પ્રોજેક્ટ સામે વાંધો ઉઠાવતી નોટિસ પાઠવી હોવાના અહેવાલો આવ્યા બાદ તેમને સલમાન ખાનના સમર્થકો તરીકે ઓળખાવતા લોકો તરફથી ઓનલાઇન સેંકડો અપમાનજનક સંદેશાઓ અને જાનથી મારી નાખવાની ધમકીઓ મળી રહી છે. આ આગામી ફિલ્મ સલમાન ખાન સાથે જોડાયેલા કાલા હરણ શિકાર કેસ પર આધારિત હોવાને કારણે અને અભિનેતા તથા ગેંગસ્ટર લોરેન્સ બિશ્નોઈ વચ્ચે લાંબા સમયથી ચાલી રહેલા વિવાદની વિગતો દર્શાવતી હોવાના અહેવાલોને લીધે ચર્ચામાં આવી છે.

# નૈઋત્યનું ચોમાસું કેરળમાં આવી પહોંચ્યું

**દેશમાં** સત્તાવાર રીતે વર્ષા ઋતુનો પ્રારંભ, ૨૬ મેની આગાહી હતી પરંતુ ચોમાસુ ૪ જૂને શરૂ થયું

**બંગાળની** ખાડીના કેટલાક ભાગોમાં પણ ચોમાસુ આગળ વધ્યું: કેરળ, તમિલનાડુ, કર્ણાટકમાં ભારે વરસાદની આગાહી

નવી દિલ્હી, તા. ૪: ભારતીય હવામાન વિભાગ(IMD)ના જણાવ્યા અનુસાર, ગુરુવારે કેરળમાં દક્ષિણ-પશ્ચિમ ચોમાસાનું આગમન થઈ ગયું છે. સામાન્ય રીતે, ચોમાસું ૧ જૂનની આસપાસ કેરળમાં પ્રવેશે છે, જે દક્ષિણ-પશ્ચિમ ચોમાસાની સીઝન (જૂન-સપ્ટેમ્બર)ની શરૂઆત દર્શાવે છે.

IMD એ જણાવ્યું હતું કે, નૈઋત્યનું ચોમાસું આજે ૪ જૂન, ૨૦૨૬ના રોજ દક્ષિણ-પશ્ચિમ અને દક્ષિણ-પૂર્વ અરબી સમુદ્રના બાકીના ભાગો, પશ્ચિમ-મધ્ય અને પૂર્વ-મધ્ય અરબી સમુદ્રના કેટલાક ભાગો, સમગ્ર લક્ષદ્વીપ ટાપુઓ, કેરળ અને માહે, કર્ણાટક અને તમિલનાડુના કેટલાક ભાગો, કોમોરિન વિસ્તારના બાકીના ભાગો, દક્ષિણ-પૂર્વ બંગાળની ખાડી અને દક્ષિણ-પશ્ચિમ, પશ્ચિમ-મધ્ય, પૂર્વ-મધ્ય તથા ઉત્તર-પૂર્વ બંગાળની ખાડીના વધુ કેટલાક ભાગોમાં આગળ વધી ચૂક્યું છે. કેરળ, તમિલનાડુ અને કર્ણાટકમાં આગામી ૭ દિવસોમાં ભારે વરસાદની આગાહી કરવામાં આવી છે.

આ અગાઉ હવામાન વિભાગે આગાહી કરી હતી કે ચોમાસું ૨૬ મેના રોજ કેરળમાં શરૂ થશે; જો કે, તેના આગમનમાં વિલંબ થયો હતો. ગયા અઠવાડિયે, વિભાગે મોસમી વરસાદ માટેની તેની આગાહીમાં સુધારો કર્યો હતો, જે દર્શાવે છે કે આ વખતે વરસાદ સામાન્ય કરતાં ઓછો રહેશે. IMD આ વર્ષે ભારતમાં વરસાદ લાંબા ગાળાની સરેરાશ (LPA)ના આશરે ૯૦% રહેવાની અપેક્ષા રાખે છે. LPA એટલે કોઈ ચોક્કસ પ્રદેશમાં નિર્ધારિત સમયગાળા (જેમ કે એક મહિનો અથવા આખી સીઝન) દરમિયાન નોંધાયેલા વરસાદની સરેરાશ કાઢવામાં આવે છે, જે સામાન્ય રીતે ૩૦ થી ૫૦ વર્ષ જેવા લાંબા ગાળા પર આધારિત હોય છે.

## જમ્મુ-કાશ્મીરના રિયાસીમાં વાદળ ફાટ્યું: મ.પ્ર.માં ભારે વરસાદ

**દિલ્હીમાં** ધોળા દિવસે અંધારું: અનેક રાજ્યોમાં હજી સખત ગરમી ચાલુ

જમ્મુ-કાશ્મીરના રિયાસી જિલ્લાના બટોહી વિસ્તારમાં ગુરુવારે વાદળ ફાટ્યું છે. વાદળ ફાટ્યા બાદ પૂર જેવી સ્થિતિ સર્જાઈ ગઈ છે. પાણી અને કાટમાળ રહેણાંક વિસ્તારમાં પહોંચી ગયો છે, જેના કારણે અનેક ઘરોને નુકસાન થયું છે. તંત્ર અને બચાવ કામગીરીની ટીમો ઘટનાસ્થળે પહોંચી ગઈ છે. પહાડી ઢોળાવો નજીક રહેતા લોકોને સતર્ક રહેવાની અપીલ કરવામાં આવી છે. હાલમાં કોઈ જાનહાનિના સમાચાર નથી. બીજી તરફ, ગુરુવારે કેરળ પહોંચેલું ચોમાસુ આગામી ૨-૩ દિવસમાં તે ગોવા, મહારાષ્ટ્ર, આંધ્રપ્રદેશ, કર્ણાટક, તમિલનાડુને આવરી શકે છે. વળી, બંગાળની ખાડીના કેટલાક વધુ ભાગો ઉપરાંત પૂર્વોત્તરના રાજ્યોમાં આગળ વધી શકે છે. આજે મધ્યપ્રદેશના ઘણા જિલ્લાઓમાં ગુરુવારે સાંજે ભારે વરસાદ પડ્યો હતો. આ દરમિયાન ૭૦ કિમી પ્રતિ કલાકની ઝડપે વાવાઝોડું ફૂંકાયું હતું. દિલ્હી-NCRમાં દિવસ દરમિયાન અંધારપટ છવાઈ ગયો હતો. ફિલ્મ સિટીમાં વાવાઝોડા બાદ અનેક વૃક્ષો ધરાશાયી થઈને કાર પર પડ્યા હતા. રસ્તાઓ પર પાણી ભરાઈ જવાને કારણે ટ્રાફિક જામ સર્જાયો હતો. દેશના ઘણા રાજ્યોમાં હજુ પણ ગરમી ઓછી થઈ નથી. ગુજરાત, પશ્ચિમ રાજસ્થાન, ઉત્તર પ્રદેશ, બિહાર, મહારાષ્ટ્ર, તમિલનાડુમાં તાપમાન 40°Cથી ઉપર બનેલું છે.



» જર્મનીના લેક સ્ટેફ્લ્સી ખાતે યોજાયેલ વાર્ષિક બાવેરીયન કોર્પસ ક્રિસ્ટી નૌકા સરઘસમાં ભાગ લઇ રહેલા લોકો પરંપરાગત વસ્ત્રોમાં સજ્જ થયેલા જોઇ શકાય છે.

# બિહારના મુઝઝફરપુરમાં હોસ્પિટલમાં આગ: પાંચ દર્દીઓનાં મોત

**એક** ખાનગી હોસ્પિટલના આઇસીયુમાં આગ ફાટી નિકળી, અનેકને ઇજા

**તપાસ** સમિતિ રચાઇ, મૃતકોના પરિવારને રૂ. ૪ લાખની ઉચ્ચક સહાય જાહેર



મુઝફ્ફરપુર, તા. ૪(PTI): બિહારના મુઝફ્ફરપુર જિલ્લામાં ગુરુવારે વહેલી સવારે એક ખાનગી હોસ્પિટલના ICUમાં લાગેલી આગમાં ઓછામાં ઓછા પાંચ લોકોના મોત થયા છે, તેમ એક વરિષ્ઠ અધિકારીએ જણાવ્યું હતું.

બ્રહ્મપુરા વિસ્તારમાં આવેલી પ્રસાદ હોસ્પિટલમાં વહેલી સવારે લગભગ ૩ વાગ્યે આ આગ ફાટી નીકળી હતી, જે ઝડપથી ઈન્ટેન્સિવ કેર યુનિટ (ICU)માં ફેલાઈ ગઈ હતી અને ત્યાં ઘટ્ટ ધુમાડો ભરાઈ ગયો હતો. મુઝફ્ફરપુરના મ્યુનિસિપલ કમિશનર ઋતુરાજ સિંહે જણાવ્યું કે, કુલ ૫ લોકોના મોતની પુષ્ટિ થઈ છે. આ દુર્ઘટનામાં ઘણા લોકો ઈજાગ્રસ્ત પણ થયા છે, જેઓ વિવિધ હોસ્પિટલોમાં સારવાર હેઠળ છે. પાંચેય મૃતકો આઈસીયુમાં રખાયેલા દર્દીઓ હતા. આ આગ બ્રહ્મપુરાની પ્રસાદ હોસ્પિટલ નામની ખાનગી હોસ્પિટલમાં લાગી હતી.

મૃતકોની ઓળખ મુઝફ્ફરપુર જિલ્લાના શશાંક કુમાર, કૃષ્ણનંદન સિંહ અને ગીતા દેવી, શિયોહરના ઉદય કુમાર અને સીતામઢીની ચંચલા વર્મા તરીકે થઈ છે. અધિકારીઓએ જણાવ્યું કે પોસ્ટમોર્ટમ બાદ મૃતદેહો પરિવારજનોને સોંપી દેવામાં આવ્યા છે. તેમણે ઉમેર્યું કે હોસ્પિટલમાં દાખલ તમામ દર્દીઓની ભાળ મેળવી લેવામાં આવી છે. આ અગાઉ દિવસ દરમિયાન, મુઝફ્ફરપુરના જિલ્લા મેજિસ્ટ્રેટ સુબ્રત કુમાર સેને જણાવ્યું હતું કે ICUમાં લગભગ ૧૩ થી ૧૫ દર્દીઓની સારવાર ચાલી રહી હતી, જેમને પાછળથી અન્ય હોસ્પિટલોમાં ખસેડવામાં આવ્યા હતા. તેમણે જણાવ્યું કે, પ્રાથમિક દ્રષ્ટિએ આ આગ શોર્ટ સર્કિટના કારણે લાગી હોવાનું જણાય છે. જો કે, આગનું ચોક્કસ કારણ વિગતવાર તપાસ બાદ જ જાણી શકાશે. મ્યુનિસિપલ કમિશનર સિંહે જણાવ્યું કે ડીએમ દ્વારા આ ઘટનાની તપાસ માટે પાંચ સભ્યોની ટીમની રચના કરવામાં આવી છે.

મુખ્યમંત્રી સમ્રાટ ચૌધરીએ આ ઘટનાને અત્યંત દુઃખદ ગણાવી હતી અને શોકગ્રસ્ત પરિવારો પ્રત્યે સંવેદના વ્યક્ત કરી હતી. તેમણે 'X' પર એક પોસ્ટમાં લખ્યું દરેક મૃતકના પરિવારને તાત્કાલિક ૪ લાખ રૂપિયાની આર્થિક સહાય આપવા માટે સૂચનાઓ જારી કરવામાં આવી છે.

# ઈરાન યુદ્ધ અટકાવવા માટે અમેરિકાની સંસદના પ્રતિનિધિગૃહમાં ઠરાવ પસાર

**ટ્રમ્પના** રિપબ્લિકન પક્ષના ચાર સાંસદોએ પણ ડેમોક્રેટોના આ ઠરાવને ટેકો આપ્યો

**શાસક** રિપબ્લિકન પક્ષની બહુમતિવાળા સંસદના નીચલા ગૃહમાં ઠરાવ પસાર થઇ જતા ટ્રમ્પને રાજકીય આંચકો

**જો કે** આ ઠરાવ માત્ર પ્રતિકાત્મક છે અને ટ્રમ્પના હોદ્દાને આંચ આવે તેમ નથી

વૉશિંગ્ટન, તા. ૪: અમેરિકી સંસદના નીચલા ગૃહ હાઉસ ઓફ રિપ્રેઝન્ટેટિવ્ઝ, જે હાઉસ તરીકે પણ ઓળખાતય છે તેણે સ્થાનિક સમય પ્રમાણે બુધવારે ઈરાન યુદ્ધમાંથી અમેરિકન સૈનિકોને પાછા ખેંચવાનો આદેશ આપતો એક પ્રસ્તાવ પસાર કર્યો છે. આ એક મોટાભાગે પ્રતીકાત્મક પગલું છે, તેમ છતાં તે પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ માટે એક મોટો રાજકીય ફટકો માનવામાં આવી રહ્યો છે.

આ ગૃહમાં બહુમતી ધરાવતા ટ્રમ્પના રિપબ્લિકન પક્ષના ચાર સભ્યો આ પ્રસ્તાવના સમર્થનમાં ડેમોક્રેટ્સ સાથે જોડાયા હતા. આ પ્રસ્તાવ ૨૧૫ વિરુદ્ધ ૨૦૮ મતોથી પસાર થયો છે અને હવે તે સેનેટમાં જશે, પરંતુ આખરે ત્યાં તેને પ્રમુખના વીટોનો સામનો કરવો પડશે. હાઉસ ફોરેન અફેર્સ કમિટીના ડેમોક્રેટ્સે 'X' પર પોસ્ટ કર્યું કે, અમેરિકાના લોકો વતી ડોનાલ્ડ ટ્રમ્પને આ એક સ્પષ્ટ અને સચોટ સંદેશ છે: ઈરાનમાં તેમની અત્યંત અલોકપ્રિય અને ગેરકાયદેસર યુદ્ધની જીદને સમાપ્ત કરવાનો હવે સમય આવી ગયો છે. ત્રણ મહિના પહેલા યુદ્ધ શરૂ થયું ત્યારથી, રિપબ્લિકન-નિયંત્રિત હાઉસે ટ્રમ્પને ઈરાન સામેની સૈન્ય કાર્યવાહી રોકવા માટે દબાણ કરતો પ્રસ્તાવ મંજૂર કર્યો હોય તેવું આ પ્રથમ વખત બન્યું છે.

ડેમોક્રેટ્સ આ મતદાનને યુદ્ધ અને શાંતિના નિર્ણયોમાં સંસદની બંધારણીય ભૂમિકાને ફરીથી સ્થાપિત કરવાના તેમના પ્રયાસોમાં એક મહત્વપૂર્ણ વળાંક તરીકે જોઈ રહ્યા છે.

# યુદ્ધ ઇરાન-અમેરિકા વચ્ચે ને ઓઇલની કિંમત ભારતમાં વધી રહી છે: ભાગવત

**આરએસએસ** શતાબ્દિ વર્ષ નિમિત્તે આયોજીત કાર્યકર્તા પ્રશિક્ષણ વર્ગમાં બોલતા સંઘ વડાએ ભારતને એક શક્તિશાળી દેશ બનાવવા પર ભાર મૂક્યો

**એક** શક્તિશાળી ભારતનો ઉદય થશે તો વિશ્વને એક નવો માર્ગ મળશે

**'દુનિયા** માત્ર શક્તિશાળી દેશોનું જ સાંભળે છે'

નવી દિલ્હી, તા. ૪: આરએસએસ વડા મોહન ભાગવતે ભારતને એક શક્તિશાળી દેશ બનાવવાની વાત પર ભાર મૂક્યો છે અને કહ્યું છે કે દુનિયા એમનું જ માને છે જેમની પાસે શક્તિ હોય છે. ક્રૂડ ઓઈલની વધતી કિંમતો અંગે વાત કરતા તેમણે કહ્યું કે યુદ્ધ અમેરિકા અને ઈરાન વચ્ચે થઈ રહ્યું છે, પરંતુ ઓઈલની કિંમતો ભારતમાં વધી રહી છે.

રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ(RSS)ના શતાબ્દી વર્ષ નિમિત્તે આયોજિત કાર્યકર્તા પ્રશિક્ષણ વર્ગમાં સરસંઘચાલક ડૉ. મોહન ભાગવતે જણાવ્યું હતું કે વિશ્વને ભારતની જરૂર છે, કારણ કે ભારત જ સૌને સાથે લઈને આગળ વધવાની વિચારધારા ધરાવે છે. તેમણે ગુરુવારે કહ્યું કે ભારત પાસે સંસ્કૃતિ, જ્ઞાન અને તાકાત હોવા છતાં આપણે હજાર વર્ષની ગુલામી ભોગવવી પડી, કારણ કે આપણે આપણી કેટલીક સારી બાબતો અને તૈયારીઓને સાચવી શક્યા નહીં. ભાગવતે ખનિજ તેલની વધતી કિંમતો અંગે વાત કરતા કહ્યું કે યુદ્ધ અમેરિકા અને ઈરાન વચ્ચે થઈ રહ્યું છે, પરંતુ તેલની કિંમતો ભારતમાં વધી રહી છે. મોહન ભાગવતે જણાવ્યું હતું કે, 'સંસ્કૃતિ, સભ્યતા, જ્ઞાન-વિજ્ઞાન હોવા છતાં પણ એવી પરિસ્થિતિ કેમ આવી કે આપણે 1000 વર્ષની ગુલામી ભોગવવી પડી? આપણે હજાર વર્ષ ગુલામી ભોગવી, જેમણે આપણને ગુલામ બનાવ્યા તેઓ આપણાથી કોઈ બાબતમાં શ્રેષ્ઠ નહોતા. સંખ્યામાં પણ તેઓ આપણાથી વધારે નહોતા. ખૂબ દૂરથી આવીને તેમણે આપણને જીતી લીધા. તેઓ કોઈ પણ બાબતમાં આપણાથી ચડિયાતા નહોતા, આપણાથી ખરાબ જ હતા. આપણી કેટલીક બાબતો એવી હતી જેને આપણે સાચવીને ન રાખી; આપણે તેને ભૂલી ગયા. આપણે આપણી તૈયારીઓ ગુમાવી દીધી. આપણે એ તૈયારી ફરીથી કરવી પડશે.'

આ કાર્યક્રમમાં બોલતા સંઘ વડાએ ભારપૂર્વક જણાવ્યું કે દુનિયા માત્ર એમનું જ સાંભળે છે જેમની પાસે શક્તિ હોય છે. તેમણે વ્યાવહારિક શબ્દોમાં કહ્યું કે, ભલે દુનિયા જાણતી હોય કે ભારતની વાત સાચી છે, પરંતુ લોકો માત્ર સાચા હોવાને કારણે વાત નથી માનતા, પરંતુ જેની પાસે સત્તા કે શક્તિ છે તેની જ વાત માનવામાં આવે છે. તેમણે વર્તમાન વૈશ્વિક પરિદ્રશ્યનું ઉદાહરણ આપતા કહ્યું કે, જે દેશો શક્તિશાળી છે તેઓ પોતાની મનમાની કરે છે, પછી ભલેને કોઈ દેશ પર કબજો કરવાનો હોય, બોમ્બ ફેંકવાના હોય કે દુનિયાનો તેલ પુરવઠો બંધ કરવાનો હોય. બીજી તરફ, નબળા દેશોએ નમીને તેમની વાત માનવી પડે છે. સંઘ પ્રમુખે સ્પષ્ટ કર્યું કે ભારતને એક શક્તિશાળી અને વૈભવશાળી દેશ બનવું જ પડશે, પરંતુ ભારતનો ઉદ્દેશ્ય કોઈનું નુકસાન કરવાનો કે કોઈને બગાડવાનો નથી. ભારતનો મૂળ સ્વભાવ સૌને સાથે લઈને ચાલવાનો અને સંભાળવાનો છે. તેમણે જણાવ્યું કે જ્યારે ભારત પોતાની આંતરિક શક્તિ અને વૈભવના જોરે બેઠું થશે, ત્યારે તે દુનિયાને જીવવાની એક નવી રીત અને નવો માર્ગ બતાવશે.





